"મતદાર તરીકે આપનું નામ નોંધાવો અને મતદાન અવશ્ય કરો"

# સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના સુરત નં. ૫૯(ઉન)

## • જાહેર સુચના

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) અન્વયે નગર રચના યોજના સુરત નં.૫૯(ઉન) તૈયાર કરવાનો ઈરાદો નગર નિયોજન સમિતિએ તેના તા. ૧૪/૧૨/૨૦૧૨ નાં ઠરાવ નં. ૨૮/૨૦૧૧ થી જાહેર કરેલ છે.

આથી સદર યોજનાઓના વિસ્તારમાં સમાવિષ્ઠ થતી જમીનોમાં જમીન માલિકો/હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓની ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમ -૧૯૭૯ નાં નિયમ -૧૩ હેઠળની જોગવાઈ અનુસાર એક સભા સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે રાખવામાં આવી છે. જેમાં યોજનાની સઘળી દરખાસ્તો અંગે સમજુતી આપવામાં આવશે. તેમજ જમીન માલિકો/હિતસંબધ ધરાવનારા વ્યકિતઓ મ---- આ દરખાસ્ત અંગે જે કોઈ સુચના કે વાંધાઓ રજુ કરવામાં આવશે તે પણ યોગ્ય જણાયે ધ્યાને લેવાના આવશે. આ સભામાં હાજર રહેવા માટે હિત ધરાવનારી દરેક વ્યક્તિઓને કે જેઓના સરનામાંની જાણકારી સુરત મહાનગરપાલિકાને છે તેઓને વ્યક્તિગત નોટીસ આપવામાં આવી રહી છે છતા આ જાહેર સુચનાથી મજકુર નગર રચના યોજના સુરત નં. ૫૯ (ઉન) માં સમાવિષ્ટ જમીનોના માલિકોને હિત ધરાવનારી વ્યક્તિઓને નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે હાજર રહેવા વિનંતી છે.

નગર રચના યોજના સુરત નં. ૫૯ (ઉન):-

<u>મોજે ઉન, બ્લોક નં.</u> ૧થી૧૮૦, ૨૨૦પૈકી, ૨૨૧થી૨૪૧, ૨૪૨પૈકી, ૨૪૯પૈકી, ૨૫૦થી૩૪૫.

**તારીખ:** ૦૮ / ૦૮/૨૦૧૨

**સમય:** સવારે ૧૧.૦૦ કલાકે

**સ્થળ:** ગાંધીખંડ, મુખ્ય કચેરી, સુરત મહાનગરપાલિકા,મુગલિસરા,સુરત.

ડેપ્યુટી કમિશ્નરશ્રી (પ્લા. એન્ડ ડેવ.)
સૂરત મહાનગરપાલિકા

નં.પીઆરઓ- ૩૦૨/૨૦૧૨-૧૩
તા.૦૪/૦૮/૨૦૧૨

પ્રકાશન તારીખ
દિવ્ય ભાસ્કર
તા. ૫-૮-૨૦૧૨

"મતદાર તરીકે આપનું નામ નોંધાવો અને મતદાન અવશ્ય કરો"

# સુરત મહાનગરપાલિકા
## નગર રચના યોજના સુરત નં.૫૯(ઉન)
## જાહેર સૂચના

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) અન્વયે નગર રચના યોજના સુરત નં.૫૯(ઉન) તૈયાર કરવાનો ઈરાદો નગર નિયોજન સમિતિએ તેના તા.૧૪/૧૨/૨૦૧૧ના ઠરાવ નં.૨૮/૨૦૧૧ થી જાહેર કરેલ છે.

આથી સદર યોજનાઓના વિસ્તારમાં સમાવિષ્ટ થતી જમીનોમાં જમીન માલિકો/હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓની ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમ-૧૯૭૯ના નિયમ-૧૭ હેઠળની જોગવાઈ અનુસાર એક સભા સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે રાખવામાં આવી છે. જેમાં યોજનાની સઘળી દરખાસ્તો અંગે સમજૂતી આપવામાં આવશે. તેમજ જમીન માલિકો/હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ મારફત આ દરખાસ્ત અંગે જે કોઈ સુચનો કે વાંધાઓ રજૂ કરવામાં આવશે તે પણ યોગ્ય જણાયે ધ્યાને લેવામાં આવશે. આ સભામાં હાજર રહેવા માટે હિત ધરાવનારી દરેક વ્યક્તિઓને કે જેઓના સરનામાની જાણકારી સુરત મહાનગરપાલિકાને છે તેઓને વ્યક્તિગત નોટિસ આપવામાં આવી રહી છે છતાં આ જાહેર સૂચનાથી મજકૂર નગર રચના યોજના સુરત નં.૫૯(ઉન)માં સમાવિષ્ટ જમીનોના માલિકોને હિત ધરાવનારી વ્યક્તિઓને નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે હાજર રહેવા વિનંતી છે.

નગર રચના યોજના સુરત નં.૫૯ (ઉન) :-
મોજે ઉન, બ્લોક નં.૧ થી ૧૮૦, ૨૨૦ પૈકી, ૨૨૧ થી ૨૪૧, ૨૪૨ પૈકી, ૨૪૯ પૈકી, ૨૫૦ થી ૩૪૫.

તારીખ : ૦૮-૦૮-૨૦૧૨
સમય : સવારે ૧૧:૦૦ કલાકે
સ્થળ : ગાંધીખંડ, મુખ્ય કચેરી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.

નં.પી આર ઓ/૩૦૨/૨૦૧૨-૧૩
તા. ૦૪-૦૮-૨૦૧૨

ડેપ્યૂટી કમિશનરશ્રી (પ્લા. એન્ડ ડેવ.)
સુરત મહાનગરપાલિકા.